કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના

# એનએસએસ યુનિટ દ્વારા સફાઈ અભિયાન યોજાયું




ગાંધીનગર, તા. ૨૬

બી. પી. કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન (બીબીએ) ના ઍનઍસઍસ યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાન માં ૨૮ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને "સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા બીબીએના તમામ વિદ્યાર્થીઓને આચાર્ય રમાકાન્ત પૃષ્ટિ તેમજ ડૉ.જયેશ તન્નાએ સંકલ્પ લેવડાવ્યો હતો.વિદ્યાર્થીઓએ કેમ્પસ અને કેમ્પસની આજુબાજુમાંથી કચરો ભેગો કર્યો હતો અને નગરપાલિકાની કચરાપેટીમાં પહોંચાડ્યો હતો. કેમ્પસ આસપાસના વિસ્તારમાંથી ઘણોબધો કચરો ભેગો કરી વિદ્યાર્થીઓએ અનુકરણીય ઉદાહરણ સ્થાપિત કર્યું હતું અને તેમણે સ્વચ્છતા અભિયાન માં જોડવાનું નક્કી કર્યુ હતુ તેમજ પોતના રહેણાક વિસ્તાર કે શાળા-કૉલેજ અને અન્ય જાહેર સ્થળો જેવા કે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર જેવી જગ્યાઓ પર પંહોચી સફાઈ માટે લોકોને જાગૃત કરવાનું સ્વીકાર્યું હતું. કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ઍનઍસઍસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કૉલેજ પરિવારના સહિયારા પ્રયાસથી આ અભિયાન સફળતાને વર્યું હતું.




ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની વાઈબ્રન્ટ ડિજિટલ પ્રિસ્કૂલનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ઉજવવામાં આવ્યો હતો. સંચાલક હેતલ મહેતા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષક ચંદ્રકાન્તા, સુપ્રિયા, બેલા અને શિલ્પા દ્વારા તૈયાર કરાવવામાં આવેલાં નૃત્યોની સુંદર રજૂઆત બાળકો દ્વારા મંચ પર કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, નગરના જાણીતા બિલ્ડર જગત કારાણી, ધારાશાસ્ત્રી અશ્વિન ત્રવેદી અને પીઆઈ ટૂંડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જયોત મહેતા અને વૈષ્ણવી મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. ૬૦ જેટલાં બાળકોએ આ ઉજવણીમાં ભાગ લઈને ઉજવણીને સાર્થક બનાવી હતી.

# વન્ડર કિડ્સ પ્રિસ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૨૬

સૅક્ટર-૩ એ ખાતે સ્થિત વન્ડર કિડ્સ પ્રિસ્કૂલના વાર્ષિક ઉત્સવનું આયોજન ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શહેરનાં રાષ્ટ્રપતિ ઍવોર્ડ વિજેતા શિક્ષક ઈન્દુમતિ નિમાવત ઉપસ્થિત રહ્યાં હતાં, જેમનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને આ ઉત્સવની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો. આચાર્ય વિલાસબેન ડોડિયા દ્વારા સ્કૂલની કાર્યરીતિ અંગે વિગતે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ભૂલકાઓ દ્વારા 'નો પ્લાસ્ટિક યુઝ'નો અસરકારક સંદેશ ઉજાગર કરવામાં આવ્યો હતો. બાળકોનાં માતાઓ દ્વારા પણ સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# રંગતાલ પ્રિસ્કૂલનો શાનદાર વાર્ષિકોત્સવ




## વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

રાંધેજા ખાતે કાર્યરત રંગતાલ પ્રિસ્કૂલનો દ્વિતીય વાર્ષિકોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો. આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન પટેલ, જિલ્લા સદસ્ય સુશીલાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રંગતાલ પ્રિસ્કૂલના ટ્રસ્ટી મિલન પટેલ અને આશા પટેલ દ્વારા અતિથિઓને આવકાર આપી વિદ્યાર્થીઓને દ્વિતીય વાર્ષિક ઉત્સવ પ્રસંગે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ અફલાતૂન કૃતિઓ પ્રસ્તુત કરી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. આ પ્રસંગે બાળકોના વાલીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જિંદગીની
ગાગર ઉપર
બેઠો
સમયનો કાગડો
દિવસ-રાત કંકર નાખી
ઉંમરને પી રહ્યો
ને માણસ સમજે છે
હું જીવી રહ્યો !

## જન્મદિને વધામણી



ભાઈલાલભાઈ મનસુખરામ સોની
ફોન : ૨૩૨૪૩૦૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# 'ભારતીય અંકોના વિકાસ' અંગે આજે આઈઆઈટીમાં વ્યાખ્યાન

### વિજ્ઞાનના ઈતિહાસકાર પ્રોફેસર એમ.ડી. શ્રીનિવાસ દ્વારા 'પાન-ઈન્ડિયન ટ્રેડિશન્સ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી' વિષયે પ્રવચન સંપન્ન થયું

ગાંધીનગર, તા. ૨૬

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ના ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (આઈકેએસ) સેમેસ્ટર કોર્સમાં આ સપ્તાહનાં વ્યાખ્યાનો તેમાં ભાગ લેનારાઓને ભારતીય વિજ્ઞાન, તકનીકી અને અંકોની સમૃદ્ધ પરંપરાઓમાં ડોકિયું કરવાની તક પૂરી પાડી રહ્યાં છે.

થીયોરેટિકલ ભૌતિકશાસ્ત્રી અને વિજ્ઞાનના ઈતિહાસકાર પ્રોફેસર એમ.ડી. શ્રીનિવાસ દ્વારા આજે 'પાન-ઈન્ડિયન ટ્રેડિશન્સ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી' વિષય પર પ્રવચન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ન્યુયોર્કની સ્કનેકટડીની યુનિયન કોલેજમાં ગણિતના ફેકલ્ટી ડૉ. કિમ પ્લોફ્કર, ૨૭ ફેબ્રુઆરીએ 'ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયન ન્યુમરલ્સ (અને તે "અરેબિક" કેવી રીતે બન્યા)' વિષય પર એક વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનો 'ભારતનો પ્રાચીન ખ્યાલ'ની થીમ પર આઈઆઈટી ગાંધીનગર ખાતે ચાલી રહેલા આઈકેએસ સેમેસ્ટર કોર્સની ચોથી આવૃત્તિનો એક ભાગ છે.

પ્રો. એમ ડી શ્રીનિવાસે ૧૯૭૬-૯૬ દરમિયાન મદ્રાસ યુનિવર્સિટીના થીયોરેટિકલ ફિઝીક્સ વિભાગમાં ભણાવ્યુ છે. ૧૯૯૬થી તે ચેન્નાઈના સેન્ટર ફોર પોલિસી સ્ટડીઝમાં સિનિયર ફેલો તરીકે કાર્યરત છે, જે જાહેર પ્રવૃત્તિના વિવિધ ક્ષેત્રોમાં ભારતીય સંસ્કૃતિના વિચારો અને સંસ્થાઓના અભ્યાસ માટે સમર્પિત છે. ખાસ કરીને, તેમણે ગણિત અને ખગોળશાસ્ત્રની ભારતીય પરંપરાના વિવિધ પાસાંઓ પર કામ કર્યું છે. આજના તેમના વ્યાખ્યાન દરમિયાન ભારતભરની વિજ્ઞાન અને જ્ઞાન પ્રણાલીની પ્રકૃતિ અને ભારતીય સભ્યતાની એકતા અને તેની જ્ઞાન પ્રણાલીને મજબૂત બનાવતી વિવિધ પદ્ધતિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉપરાંત ભાષાશાસ્ત્ર, ગણિત, ખગોળશાસ્ત્ર અને ચિકિત્સાની ભારતીય પરંપરાના ઈતિહાસના કેટલાક દાખલાઓ સાથે આ વર્ણવવામાં આવ્યા હતા.

૨૭ ફેબ્રુઆરીના રોજ બીજા વ્યાખ્યાનમાં, ડૉ. કિમ પ્લોફ્કર સમજાવશે કે શૂન્ય ધરાવતી ભારતીય દશાંશ સ્થાન-મૂલ્ય પધ્ધતિ, જે આજની વિશ્વવ્યાપી દશાંશ પધ્ધતિનું મૂળ છે, તે સામાન્ય યુગના પ્રારંભમાં કેવી રીતે ઉભરી આવી અને ઝડપથી દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયામાં ફેલાઈ. ત્યારબાદ તેની ઉત્પત્તિ વિશે વિવિધ પૂર્વધારણાઓ સાથે, તે પશ્ચિમમાં 'ઈન્ડિયન નંબર્સ' તરીકે પ્રસરી. વિજ્ઞાનના ઈતિહાસનું ક્ષેત્ર કેવી રીતે વિકસિત થયું છે અને પ્રાચીન વિશ્વ વિશેના વધી રહેલા જ્ઞાન અંગે તેણે કેવી પ્રતિક્રિયા આપી છે તે બતાવવા આ વ્યાખ્યાન આવી પૂર્વધારણાઓની ઉત્ક્રાંતિને શોધી કાઢવાનો પ્રયત્ન કરશે. ડૉ. કિમ પ્લોફ્કરનું સંશોધન ભારતમાં ગણિત અને ખગોળશાસ્ત્રના ઈતિહાસ અને ઈસ્લામિક તથા પ્રારંભિક આધુનિક યુરોપિયન વિશ્વના વિજ્ઞાન સાથેના તેના જોડાણો પર કેન્દ્રિત છે.



ગાંધીનગર, તા. ૨૬

ન્યૂ ગાંધીનગરમાં કાર્યરત પંડિત દિનદયાળ ઉપાધ્યાય પૅટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે યોજાયેલા વાર્ષિક રમતોત્સવ 'પૅટ્રો કપ ૨૦૨૦'માં ઑલિમ્પિક રમત ટેક્વોન ડોમાં પીડીપીયુ સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝની વિદ્યાર્થિની ઓનમ જોશીએ સતત ત્રીજા વર્ષે ગોલ્ડ મૅડલ પોતાને નામે કર્યો હતો.

આગામી સમયમાં ટેક્વોન ડોમાં બ્લેક બેલ્ટ મેળવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રી સ્તરે નામ રોશન કરવાની ખેવના ધરાવતી ઓનમ જોશી આ માર્શલ આર્ટને એક જીવનશૈલી તરીકે જુએ છે અને આ કળાને કારણે પોતાને આત્મરક્ષણ માટે સક્ષમ હોવાનું માનવા સાથે તેના કારણે જીવનમાં શિસ્ત અને આત્મવિશ્વાસમાં વધારો થયો હોવાનું માની રહી છે.

# અમદાવાદમાં ત્રણ વક્તાઓ દ્વારા ત્રણ પુસ્તકોનો આસ્વાદ કરાવાયો



ગાંધીનગર, તા. ૨૬

દર્શક ફાઉન્ડેશન દ્વારા 'ગ્રંથવિમર્શ' હેઠળ નોંધપાત્ર પુસ્તકો વિશે અભ્યાસી વક્તાઓ દ્વારા આસ્વાદ તેમજ પ્રશ્નોત્તરરૂપ ચર્ચાનું આયોજન મંગળવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિ સભાગૃહ,ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

'ગાંધીની નજરે દુનિયા' (લે. મનસુખ સલ્લા) વિશે રમેશ તન્ના, 'અર્થ વાસ્તવ' (લે. રમેશ બી. શાહ) વિશે ધવલ મહેતા અને 'અસ્તિ ઔર ભવતિ' (લે. વિશ્વનાથ પ્રસાદ તિવારી) વિશે દૃષ્ટિ પટેલે વકતવ્ય આપ્યું. વકતવ્ય બાદ તેની પર રસપ્રદ ચર્ચા થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિલીપસિંહ ચૌહાણે કર્યું હતું. સંજય ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને માણવા સાહિત્યકારો, જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી, કિરીટ દૂધાત, યોગેશ જોષી, રમેશ ર. દવે, ભારતી દવે, મનસુખ સલ્લા, રમેશ શાહ,મનીષ પાઠક'શ્વેત',મેહુલ ત્રિવેદી તેમજ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

# પ્રેમ અને પરિવારની પુણ્યગાથા પ્રેક્ષકોને સ્પર્શી ગઈ



## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચર ફાઉન્ડેશન નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'છાયા પડછાયા' મહેસાણા અર્બન વિદ્યાલય ખાતે ભજવાયું

ગાંધીનગર, તા. ૨૬

નાટ્યના માધ્યમથી મહેસાણા ખાતે પ્રસ્તુત કરવામાં આવેલી પ્રેમ અને પરિવારની પુણ્યગાથા પ્રેક્ષકોનાં હૃદયમાં ઊતરી ગઈ હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા નિર્મિત સામાજિક નાટક 'છાયા-પડછાયા'નું મંચન મહેસાણા અર્બન વિદ્યાલય, મહેસાણાના વિશાળ ઑડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ નાટક જોયા પછી વિદ્યાર્થીઓ, સ્કૂલ સ્ટાફ અને પ્રેક્ષકોએ આ નાટક દ્વારા મળેલા સંદેશને સ્વીકાર્યો હતો અને કલાકારોની ભરપૂર સરાહના કરી હતી.

ગાંધીનગર શહેરના ખ્યાત નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત અને દિગ્દર્શિત આ મનોરંજક નાટકમાં ગાંધીનગરના કલાકાર કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ ઉપરાંત સ્વયં કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

શાળા પરિવાર વતી આચાર્ય પી આઈ પટેલ દ્વારા કલાકારોને આવકાર આપવામાં આવ્યો હતો. એ પછી કલાકારોએ નાટકનું મંચન કર્યું હતું અને અસરકારક ભજવણીથી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

આ પ્રસંગે આચાર્ય પી આઈ પટેલ ઉપરાંત સુપરવાઈઝર ચંદુભાઈ પટેલ, શિક્ષક હર્ષદભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, જશવંતભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, કિશનભાઈ પટેલ, રોનકભાઈ પટેલ, મહેશભાઈ પટેલ અને ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ તથા શિક્ષિકા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.